# આધ્યાત્મિક કેડી

તંત્રી-સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

મા ગાયત્રી

ૐ
મા
ૐ




ૐ
મા
ૐ

પૂ. રાજયોગી નરેન્દ્રજી

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્-ૐ ॥

વર્ષ ૧૨ ]    ઑક્ટોબર ૧૯૯૩    [ અંક ૪ થો

Scanned by CamScanner

# જન્મદિને આશીર્વાદ

તા. ૫-૯-'૯૩ની રાત્રિએ હું ગાઢ નિદ્રામાં હતો. મારા પગનો પંજો પકડીને જાણે કે કોઈ હલાવતું હોય તેવો અનુભવ મને થયો, જેથી હું જાગી ગયો. ઘડિયાળમાં જોયું તો રાત્રિના ત્રણ ને બે મિનિટ થયેલી હતી. હું ઊઠીને બાથરૂમ ગયો અને વાળ ઓળીને બહાર આવ્યો. મારા પલંગ પર બેઠો. ફરીથી સુવાનો વિચાર કરતો હતો ત્યાં જ રૂમના બારણાની સ્ટોપર બંધ થઈ ગઈ, લાઈટ અને એરકન્ડીશન ચાલુ થઈ ગયાં, ને સોફા પાસે પ્રકાશનો ઝબકારો થયો ને ૨૫-૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે માતાજી પ્રગટ થયાં. હું ઊઠીને તેમનાં ચરણમાં વંદન કરવા ગયો ત્યાં સુધીમાં માતાજીએ સોફા પર બેઠક લઈ લીધી હતી. જેથી હું તેમનાં ચરણોમાં તેમના પગ પકડીને ઘૂંટણ પર માથું મૂકીને જમીન પર બેસી ગયો.

માતાજીએ મને બંને ખભા પરથી ઊંચકીને તેમની બાજુમાં સોફામાં બેસાડી દીધો, અને બાળભાવે ખૂબ જ, અતિશય વહાલ કર્યું. ત્યાર બાદ માતાજીએ સુકા મેવાના ડબામાંથી કાજુ, બદામ, પીસ્તા, આરોગ્યાં, અને બદામ-એલચી-કેસર-સાકર મિશ્રિત ભૂકાની ડીશમાંથી એક ચમચી ભરીને ચમચીથી જ બદામનો ભૂકો આરોગ્યો. થર્મોસમાંથી તેની જાતે જ ગ્લાસમાંથી પાણી પીધું અને થોડું રહેવા દીધું.

પ્રસાદ આરોગતાં આરોગતાં કાર્યયજ્ઞ વિષે સૂઝ, સમજણ, માહિતી અને માર્ગદર્શન આપ્યાં. **મેં માતાજીને વિનંતી કરી કે, "માતાજી આપશ્રી જાહેરમાં જે પ્રસાદી વગેરેના અનુભવો મને કરાવો છો તે ન કરાવશો. હું એકલો હોઉં ત્યારે જે અનુભવો કરાવવા હોય તે કરાવશો. આપ ભક્તોને જે કંઈ અનુભવો કરાવવા હોય તે કરાવશો."** મારી વિનંતી સાંભળીને માતાજી અતિ આનંદમાં આવી જઈ મુક્ત હાસ્ય કર્યું અને મારા વાંસામાં પ્રેમથી વહાલસોયો ધબ્બો માર્યો.

ત્યાર પછી માતાજી સોફામાંથી ઊભાં થઈ ટેબલ પાસે આવી ઊભાં રહ્યાં. તે વખતે તેમના હાથમાં કંઈ જ ન હતું, પરંતુ માતાજીએ જમણા હાથમાંથી કેસર અને ડાબા હાથમાંથી બદામ, ડીશમાં અને નેપકીન પરે અનુક્રમે પધરાવ્યાં.

માતાજી બહુ જ આનંદમાં હતાં. થોડી જ વારમાં પ્રકાશના ઝબકારા સાથે માતાજી અદૃશ્ય થઈ ગયાં. ત્યારે ઘડિયાળમાં રાત્રિના ૩-૧૫ વાગ્યા હતા.

માતાજીએ આછા ગોલ્ડન કલરની ભરેલી સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. આભૂષણોમાં હાર, કાનમાં એરીંગ, હાથમાં કંગન અને પગમાં સાંકળાં (નૂપુર) પરિધાન કર્યાં હતાં. વાળની એક સેર લીધી હતી. ગુલાબની સુવાસથી સમગ્ર વાતાવરણ મહેકતું હતું.

□

Scanned by CamScanner

પરમશક્તિ મંત્ર

# મા



[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૨ ] ★ ઓકટોબર : ૧૯૯૩ ★ [ અંક ૪ થો

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ભક્તિ અને સેવા | રાજયોગી નરેન્દ્રજી ... | ૩ |
| શિવ-જીવનુ મિલન | ,, ,, ... | ૫ |
| વિશ્વના સંસાર સમરાંગણમાં | ,, ,, ... | ૧૧ |
| માતાજીનો સાક્ષાત્કાર | ,, ,, ... | ૨૨ |
| 'નીલોષા' પર મોર આવ્યો | શ્રીમતી ઉષા શાહ... | ૨૫ |
| સમાચાર | ... | ૨૮ |


### 'આધ્યાત્મિક કેડી'ના પ્રકાશન અંગે

આવતા વર્ષે ૧૯૯૪ થી 'આધ્યાત્મિક કેડી'ના બે અંકો એપ્રિલ અને આકટોબર માસમાં પ્રગટ થશે તેની નોંધ લેવા વાચકોને વિનંતી છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner

॥ ૐ મા ૐ ॥

With Blessings from Pujya Gurudev

Agents for Meharashtra :

* **Murugan Agencies**
* **Kaytee Tex. Agencies**
* **Shriji Tex. Agencies**
* **S. V. Agencies**

S. V. FABRICS

59-A, Wholesale Cloth Market, Gandhi Bag,
NAGPUR - 440 002

Phones : 44758 - 42610 □ Gram : Murugan
Telex : 0715-611 Kanu in Fax : 712-42337

VIMAL®
A RELIANCE PRODUCT

FABRICS

Reliance Industries Ltd.

AHMEDABAD - BOMBAY

Vajubhai Gaglani * Kirit Gaglani * Tushar Gaglani



આધ્યાત્મિક કેડી

ઑક્ટોબર : ૧૯૯૩

# ભક્તિ અને સેવા

"શ્રદ્ધા તણી કુટિરે જામ્યો માનવમેળો,
બાળ તણા બાગમાં માત છૂપું છૂપું વહાલ કરે."

**ગાયત્રી માતાના વ્હાલાં બાળકો,**

ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ આપ બધાં અત્રે પ્રેમભાવથી પરિશ્રમ વેઠીને અને જેમ દરિયાના મિલન માટે નદી ધસમસતી, પૂરા વેગથી દોડે તેમ મારા મિલન માટે એટલા વેગથી જ બલકે વધારે વેગથી અત્રે ઉપસ્થિત છો, તેની પાછળ ગુરુભક્તિનો ભાવ છે.

મીરાં, નરસિંહ, પ્રહ્લાદ વગેરેનો ભક્તિભાવ આપ બધાં જાણો છો. તેઓ તેમની ભક્તિથી પ્રભુને તરબોળ કરી દેતા, ને સાદ પાડ્યે પ્રભુને હાજરી આપવી પડતી. માટે આપણાં બધાંની ભક્તિ પણ એવી હોવી જોઈએ કે સાદ કરે ને આવી જાય; પણ તેના માટે તપવું પડે. પરિશ્રમ કરવો પડે. તેનો ભેખ ધારણ કરવો પડે. હીરો એરણ પર ચઢ્યા પછીથી જ તેજદાર બને છે, સોનું કસોટીના પથ્થરે ઘસાયા બાદ ચળકે છે. ખીલાને હથોડીના ફટકા પડ્યા બાદ જ તે ભીંતમાં ઠોકાઈ જાય છે અને સજ્જડ રીતે તેમાં સોંસરો ઊતરીને તેની સાથે ચોંટી જાય છે અને પોતાનું અસ્તિત્વ તેને અર્પણ કરી દે છે. આવી જ રીતે માનવજાત પ્રભુ પ્રત્યે ચોંટી જાય તો તેનો બેડો પાર થઈ જાય.

ઉપરોક્ત વાત ભક્તિની કરી.

હવે સેવાની વાત. મારી જાણમાં તો સેવા તો ઘણાંએ કરી છે અને કરતા રહે છે પરંતુ અત્યાર સુધીમાં મારી જાણ મુજબ તો એક હનુમાનજી જ સેવાવૃત્તિનું ઉદાહરણ છે. તેણે કદી માળા હાથમાં લીધી નથી, તેણે કદી ઘૃતદીપ કર્યાં નથી. તેણે કદી રામની છબી અને દર્ભનું આસન રાખ્યું ન હતું; કારણકે તેના શ્વાસેશ્વાસમાં રામનું રટણ હતું. તે પોતાના હૃદયમાં દીવાને પ્રગટ કરતો હતો, તે પોતાની સેવાવૃત્તિની સુગંધ ફેલાવતો હતો. તેના સમગ્ર અણુએ અણુમાં રામનું નામ હતું; ખડે પગે સેવા, તે તેનું આસન હતું. આવી સેવાવૃત્તિ હતી, સાથે તે સેવા નિઃસ્વાર્થ હતી. તેને કોઈ સ્વાર્થ ન હતો. તેનું લક્ષ્ય અહર્નિશ રામ જ હતા. નિઃસ્વાર્થ સેવાનું પ્રતીક એટલે હનુમાનજી.



Scanned by CamScanner

"લક્ષ્મણ મૂર્છિત બન્યા, રામ ચિંતિત બન્યા,
સેવા હનુમાન થકી, રામ આનંદમાં....
આનંદ જોઈ રામનો હનુમંત બહુ હરખાય
આનંદ જોઈ પરમેશ્વરીનો બાળ બહુ હરખાય."

"હૈયું ચીર્યું હનુમાનનું નિહાળી રામની મૂર્તિ,
સમગ્ર અસ્તિત્વ જોઈ લે અરીસો તારો જ છે."

જો નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા લેવી હોય તો તે સૂર્ય અને ચંદ્ર છે. જરા શાંતિથી બેસીને વિચારી જો જો. તે બદલાની જરા પણ આશા રાખતા નથી, છતાં બદલામાં માનવજાત તેને શું આપે છે?

"સૂર્ય ચંદ્ર અહર્નિશ પુરુષાર્થ કરે,
માનવી અહર્નિશ ભેટ ધરે ગ્રહણની."

આ છે માનવજાતના સ્વભાવનું દર્શન અને આ દર્શન ઠેર ઠેર દુનિયા પર જોવા મળે છે.

છે હાથમાં માળા, છે કપાળે ત્રિપુંડ,
છે આસન દર્ભનું, છે અખંડ દીપ,
છે સ્વાર્થ માત પાસ બેસીયાં, છે મન શિયાળ તણું
છે ભક્તિ દેખાદેખી રસવિહીન, એનો જન્મારો એળો ગયો.

આ બધું સાંભળ્યા બાદ તમને થશે અમારે શું કરવું? અમે મૂંઝવણમાં મુકાઈ ગયાં! ગભરાશો નહિ, ચિંતા ન કરો; આ તમારા મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ અને જવાબ મળશે, પી જી. મહેતા હૉલમાં, તા. ૩-૭-'૯૩ ને શનિવાર, બપોરના ૧-૩૦ વાગે, ત્યાં સુધી પ્રતીક્ષા કરો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે."

[ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ તા. ૨-૭-'૯૩ ના રોજ 'શ્રદ્ધા' કુટિરમાં પૂ. રાજયોગી નરેન્દ્રજીએ રજૂ કરેલું વક્તવ્ય]

□

મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષ
હરહંમેશ વરસતા રહો એવી વિનંતી સહ—

પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ * ફોન. નં. 366943

મેન્યુફેક્ચરર્સ એન્ડ માર્કેટીંગ સોસાયટી

સૂરજ બ્રાન્ડ ડ્સ્ટ પાવડર તથા સુર્યા બ્રાન્ડ લીક્વીડ ડસ્ટના ઉત્પાદક

★

બાબીનવાલા એસ્ટેટની બાજુમાં, નાગરવેલ હનુમાન રોડ, રખિયાલ * અમદાવાદ-380 023

# શિવ-જીવનું મિલન

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

વીજ ઝબૂકી, મેઘ ગર્જ્યો, મોર ટહુક્યો, અષાઢી પૂનમે ભક્ત-સમુદાય ઉમટ્યો,
ભક્તગણ પ્રેમ થકી વંદન કરે, પરમશક્તિ પ્રેમથી આશિષની વર્ષા કરે.

આજે હું મારા આધ્યાત્મિક જીવનનાં ૧૮ વર્ષ પૂરાં કરી ૧૯ મા વર્ષમાં પ્રવેશ કરું છું. આધ્યાત્મિક ક્ષેત્રે હવે હું યૌવનમાં પ્રવેશ્યો છું. આ યૌવન શારીરિક દૃષ્ટિએ નહિ, પણ બ્રહ્મરૂપી રસનું પાન કરવા માટે અને એનો આસ્વાદ માણવા માટે.

'અહાહા! જેણે ચાખ્યો અતિ અજબ એ બ્રહ્મ રસને,
સંસારો તણી માયા, શૂન્ય સમી ભાસે,
નથી વહાલાં માનવો, જગત મહીં સાર જરીએ,
સત્કૃત્યોનાં કર્મોથી પરમતત્ત્વને પ્રાપ્ત કરીએ.'

"કંઈ આધિ વ્યાધિ થકી સતત કાયા ક્ષીણ થતી,
ધજા ધોળી ઘડપણની સાથે ફરકતી,
શ્રીમંતોના હૈયે નિશદિન વસે ચોર ભય છે.
નાશવંત સંસારમાં ભયરહિત પરમતત્ત્વ છે."

આજે અત્રે હું જે કંઈ કહીશ, બોલીશ તેને કોઈ શાસ્ત્ર સાથે અથવા આપણા કોઈ પણ ધાર્મિક ગ્રંથો સાથે સંબંધ નથી. મેં જે જોયું, જાણ્યું, અનુભવ્યું તેનો નિચોડ રજૂ કરું છું :

"જણાતા'તા લાંબા દિવસો જે દુઃખભર્યા, જણાતા'તા ટૂંકા દિવસો જે સુખભર્યા."

ભાષાની દૃષ્ટિએ અગર વ્યાકરણની દૃષ્ટિએ મારું દૃષ્ટિબિંદુ જુદું હશે. આજે આપને અમુક ગૂઢ રહસ્યો જણાવું છું :

૧. શિવ અને જીવ વિષે, શિવ-જીવના મિલન વિષે અને આપણા શરીરમાં શિવ અને જીવ ક્યાં રહેલાં છે!
૨. 'ૐ મા ૐ' મંત્રનો ગૂઢાર્થ.
૩. મારા આપેલા નવ સિદ્ધાંતોનો મનુષ્યના શરીરના ભાગો સાથે સંબંધ.

## શિવ અને જીવ વિષે

શિવ અને જીવ મનુષ્યના શરીરમાં જ સમાયેલાં છે. તેને ઓળખવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

"પરમતત્ત્વે યંત્રો અર્પ્યાં, મનુષ્ય શરીરને,
એ યંત્રોમાં શિવ-જીવનું નિરૂપણ કર્યું,
પ્રવાસ શિવ-જીવનો, ભવસાગર મહીં,
સાગરના મંથન થકી મળિયાં નવ સૂત્રો."



Scanned by CamScanner



મનુષ્યના શરીરને પરમતત્ત્વે સુંદર બનાવ્યું છે. તેની રચના અજોડ છે. શરીરની અંદર જે હૃદય છે તે શિવ છે અને જે મગજ છે તે જીવ છે. સામેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે જ્યોતિસ્વરૂપ શિવનું લિંગ આ રીતે રહેલું છે. અને તે રીતે શિવ આપણા મગજ – જીવ તરફ દૃષ્ટિ રાખે છે. હવે આપણે જોઈએ કે આપણું મગજ આપણા શરીરની બધી જ ક્રિયાઓનું નિયંત્રણ કરે છે અને શિવ આ જીવની દરેક ક્રિયાઓ પ્રત્યે સતત નજર રાખે છે.

## શિવ અને જીવના મિલન વિષે

શિવ અને જીવના મિલન અને વિયોગ વિષે હું આપને દૃષ્ટાંતથી જણાવું.

એક શેઠ હતા. બાળપણમાં ગરીબીમાં ઉછર્યા હતા. પૂર્વજન્મનાં સંચિત્ કર્મોથી લક્ષ્મી પ્રાપ્ત કરી શક્યા. તેમની પાસે કહેવાતા ભૌતિક સુખનાં સાધનો ઉપલબ્ધ હતાં અને સંસાર પણ સુખી હતો. શેઠ ચોવીસ કલાક મોહમાયાથી વિંટળાયેલા રહેતા અને ઈશ્વરસ્મરણ વચ્ચે હિમાલય જેટલું અંતર હતું.

"મનુષ્યો જે વ્રત તપ અને દાન કરતા,
બીજા જન્મે તેઓ વિષ્ણુપત્નીને પ્રાપ્ત કરતા;
પ્રભુને વિસારી સુખભોગો કરી કરી,
પડે ચકરાવામાં જનમ–મરણે ફરી ફરી."

એક દિવસ શેઠ ઓસરીમાં બેસીને હિસાબના ચોપડા લખતા હતા. તેવામાં એક ભિક્ષુકે આવીને ભિક્ષાની માગણી કરી. શેઠે તિરસ્કારથી તેને ચાલ્યા જવા કહ્યું. ભિક્ષુક ચાલ્યો ગયો. શેઠે એક કોડીનું પણ દાન ન કર્યું. દાન કરવા માટે પણ પૂર્વજન્મનાં કર્મ જરૂરી છે. દાન તન, મન અને ધનથી થઈ શકે છે. તનનું દાન માણસ પોતાની જાતે કરી શકે છે. દા. ત. કોઈ પણ મનુષ્યને કોઈ પણ જાતની મદદ કરવી જેવી કે આંધળાને રસ્તો ઓળંગાવવો, તરસ્યાને પાણી પાવું, પીડિતની સેવા કરવી.

મનનું દાન માનસિક રીતે વ્યથિત વ્યક્તિને લાગણી અને સહાનુભૂતિ આપે અને દરેક રીતે સાથ, સહકાર, પ્રેમ, હૂંફ આપે.

ધનનું દાન વ્યક્તિની કીર્તિ, તકતી કે નામ સાથે જોડાયેલું હોય તો તે સાચું દાન નથી. સાચું દાન ત્યારે જ કહેવાય કે તમે જાતે જઈને જ પીડિતને પોતાના હસ્તે મદદ કરો અને તે પણ નિઃસ્વાર્થ સેવા ભાવનાથી. અહમ્‌રહિત સેવા ભાવનાથી કરેલું દાન જ સાચું દાન કહી શકાય.

ભિક્ષુકના ચાલ્યા ગયા પછી થોડી જ વારમાં શેઠાણી શેઠ માટે ચા–નાસ્તો લાવીને બેઠાં. શેઠ ચોપડો લખવાનું બંધ કરીને ચા–નાસ્તો કરવા બેઠા. ઓચિંતુ એક કૂતરું આવ્યું; કૂતરાએ નાસ્તા પર તરાપ મારી પરંતુ નાસ્તાના બદલે શેઠનો માનીતો અને લાડીલો ચોપડો મોઢામાં આવી ગયો અને ચોપડો લઈને દોડવા માંડ્યું. આ જોઈને શેઠ સફાળા તરત જ કૂતરાની પાછળ દોડવા લાગ્યા. આગળ કૂતરો અને પાછળ શેઠને ભરબજારે દોડતા જોઈને લોકો આશ્ચર્યથી જોવા લાગ્યા. કૂતરો દોડતો દોડતો ગામ છોડી સીમમાં આવ્યો અને ખેતરોનો અટપટો માર્ગ લીધો. દોડતાં દોડતાં રસ્તામાં એક અવાવરુ કઠેરા વગરનો કૂવો હતો તેમાં કૂતરો પડ્યો અને પાછળ શેઠ પણ સમતોલપણું ગુમાવતાં કૂવામાં પડ્યા. આ તો એવું થયું કે,



Scanned by CamScanner

"આગળ દોડે શ્વાન પાછળ દોડે શેઠ, સંસારના મૃગજળ મહીં દોડે અનેકાનેક."

કૂવામાં કેડ સમાં પાણી હતાં તેથી શેઠ અને કૂતરો ડૂબ્યાં નહિ પરંતુ શેઠનો ચોપડો પલળી ગયો અને આકાશ જેવો સ્વચ્છ થઈ ગયો. શેઠ કૂવામાં કૂતરાને મારવાનો પ્રયાસ કરતા હતા પરંતુ ગામલોકોએ કહ્યું, "શેઠ કૂતરાને મારશો નહિ, નહિતર કૂતરું તમને કરડશે." શેઠ કહે, "ભાઈ, મને બહાર કાઢો!" ગામલોકો કહે, "શેઠ, અમોને રસ્તો બતાવો કે અમે તમને કેવી રીતે બહાર કાઢીએ!" કારણ કે શેઠના મનમાં એવો અહમ્ હતો કે બુદ્ધિનો ખજાનો તેમની પાસે જ છે. અને બીજા બધાંનો ઉપલો માળ ખાલી છે. શેઠે કહ્યું, "ભાઈ, તમને જેમ યોગ્ય લાગે તે રીતે મને બહાર કાઢો." અહીં શેઠનો અહમ્ ઓગળતો લાગ્યો.

ગામલોકોએ લાકડાની નાની ચારપાઈ બાંધીને કૂવામાં ઊતારી અને શેઠ અને કૂતરો તેમાં બેસીને બહાર આવ્યાં. બહાર આવતાંની સાથે જ કૂતરાંએ શેઠના પગે બચકું ભર્યું અને દોડી ગયું. શેઠે ચોપડો ગુમાવ્યો અને કૂતરું કરડવાનું બેવડું દુઃખ લઈને વ્યથિત હૃદયે ઘરે આવ્યા.

આનો આધ્યાત્મિક અર્થ એવો થાય કે મનુષ્ય આખી જિંદગી ભોગ, વિલાસ, મોહમાયા પાછળ દોટ મૂકે છે અને તેની પાછળ જિંદગી વેડફી નાખે છે. જ્યારે અંતકાળ નજીક આવે છે ત્યારે ખબર પડે છે કે મેં કોઈ સત્કાર્ય કર્યું નથી કે ઈશ્વરસ્મરણ કર્યું નથી પરંતુ તે વખતે બહુ જ મોડું થઈ ગયું હોય છે. શેઠે મોહમાયામાં જિંદગી વિતાવી અને અંતે અંધકારરૂપી કૂવામાં પડયાં.

આવા સમયે સાચા સદ્ગુરુનો ભેટો થાય તો જ તે તમને બચાવી શકે.

શેઠ આ બનાવ પછી છ મહિના સુધી જીવ્યા, પરંતુ આ સમય દરમિયાન પણ ઈશ્વરસ્મરણ કે દાન-ધર્મ કર્યાં નહિ અને અંતે તેઓ આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા. જ્યારે આ શરીરમાંથી શિવ તેમને છોડીને જઈ રહ્યો હતો ત્યારે કહેતો ગયો કે,

"સલામ મારા સંસારી જીવને, તુજ પાસથી આજ જાઉં એકલો,
નવ કરશો કોશિષ ત્યાં પ્રવેશવાની, હાથ નથી સરનામું તમ પાસ,
તમ પાસ સંસારી તણું નામું."

શિવ, આખી જિંદગી ચેતવતો રહ્યો કે સત્કર્મો કરો, પરંતુ જીવ ષડ્રિપુમાં અટવાઈ ગયો હતો. જેથી શિવની વાત તેને ગળે ઊતરી નહિ, જેથી શિવ એકલો ચાલ્યો ગયો અને શિવ-જીવનું મિલન થઈ ન શક્યું.

**શિવ-જીવના મિલન માટે મન, વચન, કર્મથી પવિત્ર બની નવ સિદ્ધાંતોનું પાલન થાય અને ષડ્રિપુઓને નાથવામાં આવે તો જ શિવ-જીવનું મિલન થાય.**

**બીજું દૃષ્ટાંત :**

એક ખેડૂત હતો. ખાધેપીધે સુખી હતો. મન, વચન અને કર્મથી પવિત્ર રહેતો હતો. ષડ્રિપુઓને તેણે કાબૂમાં લીધા હતા અને તેના જીવનમાં નવ સિદ્ધાંતોનો અમલ કરતો હતો. મહેનત અને પુરુષાર્થ કરવામાં આનંદ માણતો હતો. આ સંસારમાં મધમાખી કરતાં વધુ ઉદ્યમી કોઈ નથી. એ પોતાના કર્તવ્યમાં ઓતપ્રોત થઈ જાય છે કે જેના થકી આ ધરતી પર અમૃત સમાન મધ ઉત્પન્ન કરી શકે છે. દીવો પોતે બળશે પરંતુ પોતાના ભોગે બીજાને પ્રકાશ આપશે. અગરબત્તી પોતે સળગી જશે પરંતુ



Scanned by CamScanner

વાતાવરણને સુગંધિત બનાવશે. સુખડ પોતે કપાઈ જશે પરંતુ કુહાડીને સુગંધિત કરી દેશે. ફૂલ પોતે હોમાઈ જશે પરંતુ તે સુવાસ આપી જશે.

જેવી રીતે વાદળમાંથી મુક્ત થયેલા સૂર્ય–ચંદ્ર જગતને પ્રકાશ અર્પે છે તેવી જ રીતે આ દુનિયાના મોહમાયામાંથી મુક્ત થયેલ તે ખેડૂત પોતાના જીવનને શોભાવતો હતો અને તેને કારણે તેનામાં શિવ અને જીવનું ઐક્ય–મિલન સધાયાં હતાં. જ્યારે તે ખેડૂતનો અંતઃ સમય નજીક આવે છે ત્યારે શિવ જીવને કહે છે કે,

"જગત તણા સંસારે સાથે રહીયાં, સાથે કર્મો કરીયાં
અનંતની સફરમાં નિશ્ચય સાથે રહીશું."

અહીં શિવ–જીવનું મિલન થાય છે અને તે થકી શિવ, જીવને અનંતની સફરમાં પોતાની સાથે લઈ જવાનું કહે છે. આપણે જાણી લીધું કે શિવ–જીવ આપણામાં રહેલાં છે; અને તેમનો સંયોગ કે વિયોગ કરવો તે આપણા હાથની વાત છે. જેમકે,

"ચાવી છે ખજાનાની તમ પાસ
સત્કર્મથી ખોલો ખજાનો, મિલન છે શિવ જીવનું."

## કુંડલિની જાગ્રતિનાં ચક્રો

હવે નવ સૂત્રો એટલે કુંડલિની જાગૃતિનાં નવ ચક્રો. નવ ચક્રોમાં પાદચક્રથી જીવચક્ર સુધીનાં હોય છે. કુંડલિની જાગૃતિ માટે આ નવ ચક્રોને ગતિશીલ બનાવવાં પડે ને તેના માટે ઘણો જ પરિશ્રમ કરવો પડે ને સાચા જાણકાર–સદ્‌ગુરુ હોય તો જ આ નવ ચક્રોને ભેદી શકાય અથવા તો પરમ-તત્ત્વની મીઠી નજરથી કુંડલિની જાગૃતિ શક્ય બને. પરંતુ આ કાર્ય ઘણું જ કઠિન છે. તેના બદલે હું તમને કુંડલિની જાગૃતિ કરવા માટે મારા નવ સિદ્ધાંતો આપું છું અને તે સિદ્ધાંતોનું આચરણ કરવાથી, અમલમાં મૂકવાથી અવશ્ય કુંડલીની જાગૃતિ થઈ શકશે. મારા માનવા મુજબ શિવ અને જીવનું મિલન એ કુંડલિની જાગૃતિ જ છે.

## 'ॐ મા ॐ' મંત્રનો ગૂઢાર્થ

માતાજીએ પરમશક્તિ મંત્ર 'ॐ મા ॐ' આપ્યો છે તે ખરેખર તેની અનહદ કૃપા છે. આ મંત્રમાં બે શિવ અને બે જીવનું મિલન થયેલું છે તે સ્પષ્ટ જણાઈ આવે છે.

'ॐ' પરમતત્ત્વનું જ્યોતિસ્વરૂપ છે, જેથી તેને આપણે શિવ કહીએ.

'મા' જીવ છે. પરંતુ તે એક છે, પણ 'મા'માં જે કાનો (ા) આવે છે તે કાનો એટલે યશોદાનો કાનો, અને કાનો એટલે બાળક એટલે 'હું' (રાજયોગી નરેન્દ્રજી) માનો બાળ. હવે આ 'મા' શબ્દની અંદર મા + બાળક એમ બે જીવ આવ્યા અને બીજો 'ॐ' પરમતત્ત્વ સ્વરૂપ શિવ છે. આમ આ પરમશક્તિ મંત્ર ॐ મા ॐમાં બે શિવ અને બે જીવનું મિલન થયેલું છે. આ મંત્રને આત્મસાત્ કરી તેનું અહર્નિશ રટણ–સ્મરણ કરી જીવનને સાર્થક કરી લેવું જરૂરી છે.

## 'ॐ મા ॐ' મંત્રનો ભાવાર્થ

"હે પરમશક્તિ દાતા, 'ॐ'કાર સ્વરૂપ મા ભગવતી, મારા મન, વચન, કર્મનું આપ નિયંત્રણ કરો."

[ આધ્યાત્મિક કેડી, ઓકટોબર, '૯૩



Scanned by CamScanner

## નવ સિદ્ધાંતો સાથે શરીરના નવ ભાગો

મારા નવ સિદ્ધાંતો બધાં કહે છે કે જીવનમાં ઉતારવા બહુ કઠિન છે, પરંતુ જો તમે જાતે પ્રયત્ન કરશો તો તે બહુ આસાન છે. હું આપણા નવ ભાગોની વાત કરું તો —

| | | |
|---|---|---|
| ૧. હૃદય | ૪. આંખ | ૭. પગ |
| ૨. મસ્તક–મગજ | ૫. ગરદન | ૮. મુખ |
| ૩. હાથ | ૬. કાન | ૯. નાક |

પરમતત્ત્વે જે આ અંગોની ભેટ મનુષ્યને આપેલી છે તેની અંદર જ આ નવ સૂત્રોને સાંકળી લીધા છે. મારે તો ફક્ત તે બતાવવાના જ રહેશે :

| | |
|---|---|
| (૧) ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી. | હૃદય |
| (૨) નિઃસહાયને સહાય કરવી | મસ્તક – મગજ |
| (૩) દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં | હાથ |
| (૪) કોઈની ઈર્ષ્યા કરવી નહિ | આંખ |
| (૫) કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ | ગરદન |
| (૬) પરનિન્દાથી દૂર રહેવું | કાન |
| (૭) પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું | પગ |
| (૮) નિઃસ્વાર્થ સેવા કરવી | મુખ |
| (૯) અહમનો ત્યાગ કરવો | નાક |

આ નવ સૂત્રોને ઓળખવા માટે તમારા શરીરના નવ ભાગોની અંદર એક એક સૂત્ર વહેંચી નાખો અને તમે 'નાક' યાદ કરો એટલે તરત જ અહમનો ખ્યાલ આવે, 'આંખ'ને યાદ કરો એટલે 'ઈર્ષ્યા કરવી નહિ' તેનો ખ્યાલ આવે. આવી રીતે આ નવ સૂત્રો તમને યાદ રહેશે અને શરીરના કયા ભાગે તેનું પાલન કરવાનું છે તે યાદ રહેશે અને તેનો અમલ કરી શકાશે.

"નવ સૂત્રો તણો સહારો છે અમ જીવનમાં,
જંગ જીતશું જીવનના નવ સૂત્રો તણા સહારે."

આજે મેં જે કાંઈ કહ્યું તેનું ઘરે જઈ મનન કરજો, ચિંતન કરજો અને તેને અમલમાં મૂકવા પ્રયાસ કરજો.

ધગધગતા સૂર્યને જોઈને ડરી જવાનું નથી, ચંદ્રની શીતળતા આવવાની જ છે. રાત–દિવસ, સુખ–દુઃખ, ચડતી–પડતી, જય–પરાજય, સમુદ્રની ભરતી–ઓટ — જીવનની અંદર આ બધાનો સમન્વય તો છે જ પરંતુ તેને કેવી રીતે પાર પાડવો તે જવાબદારી આપણી પોતીકી છે.

"નથી જડતો કિનારો મઝધાર પર બેઠો છું,
પુરુષાર્થનાં હલેસાં થકી કિનારો તમ પાસ."



Scanned by CamScanner

મારો આપ સર્વને આદેશ છે કે—

મન-વચન-કર્મથી પવિત્ર બનો, ષડ્‌રિપુનો સંહાર કરો, મારા નવસૂત્રોને જીવનમાં અપનાવો.

અંતમાં માતાજીને મારી વિનંતી છે કે-

“રાજયોગી બાળ ભાવે માને પ્રાર્થના કરે,
સર્વ દુઃખ હરો સકળ આ સંસારનાં;
આનંદની હેલી કરો, પ્રેમની લ્હાણી કરો.
સ્વાસ્થ્યની રક્ષા કરો, લક્ષ્મીની બક્ષિસ કરો.”

[તા. ૩-૭-’૯૩ના ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે પૂ. રાજયોગી નરેન્દ્રજીએ રજૂ કરેલું વક્તવ્ય]

□


## “ભગવતી હૉસ્પીટલ” અને પ્રસૂતિગૃહ



• ડૉ. ભરત ગાંધી (એમ. એસ.), • મીના ગાંધી (એડવોકેટ)

નેશનલ હાઈવે - ઉદવાડા – RS. (જિ. વલસાડ)

# વિશ્વના સંસાર સમરાંગણમાં

હે માત શિશ નમાવું
તવ શરણમાં,
મુજ સાલગીરા
તવ બાળ તણી,
તુજ થકી આવ્યા સંસારીઓ
નિહાળવા મા–બાળનું હેત,
ચૂકવી ન શકું ઋણ 'મા' તણું,
તુજ થકી અસ્તિત્વ,
ભેટ કરું અસ્તિત્વ તણી.

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

હુકમ સેનાપતિનો ચાર ને સાત સાથે, હું પૂછું છું ગણિત કયું ગણ્યું હશે માતે ?

માતાજીએ ચોથી તારીખ અને સાતમી તારીખ સાથે ઉજવવાનું કહ્યું તેમાં તેમણે કયું ગણિત ગણ્યું હશે તે તેઓશ્રી પોતે જાણે, પરંતુ મારી સમજણ પ્રમાણે ૪ + ૭ = ૧૧. ૧ + ૧ = ૨ થાય એટલે અદ્વૈતની ભાવના આવી. એનો અર્થ એ થાય કે હું 'મા'માં અને 'મા' મારામાં સમાયેલાં છે.

આજે જે હું અહીંયા રજૂ કરું છું તેમાં—

નથી શાસ્ત્ર, નથી દેવવાણી, નથી ઉપનિષદ કે સાંખ્ય
છે શાસ્ત્ર રાજયોગી તણું, માતે દીધેલું.
નથી સંબંધ ભાષા, વ્યાકરણનો અન્યની સાથે
છે સંબંધ સ્વયં ભાષા વ્યાકરણનો રાજયોગી તણો.

હું જે કંઈ કહું તેમાં જો સમજણ ન પડે તો મને પૂછશો તો હું સમજાવવા પ્રયત્ન કરીશ.

પૂછો, ગભરાશો મા, નથી સિંહ સામે ઊભેલો,
ઊભો છે રાજયોગી, તમારી સેવામાં.
'નીલોયા' તણી ધરતી પર માત કેરા આદેશથી,
'નીલોયા' મહીં આદર્યું વ્રત સકળ સંસારની સેવા તણું.



Scanned by CamScanner

'નીલોષા'ની સેવા તણી, ઉંમર ચૌદ ને વહાલભરી વિદાય
'નીલોષા'ની પંદરમી સાલગીરાને ભેટ સેવા તણી.
દુનિયાના સહુ દુઃખી જનોનો મળતો માનવમેળો,
દુનિયાના દુઃખદર્દ તણો ઇતિહાસ લાવતો માનવમેળો.
દુનિયાના દુઃખદર્દ તણા અવાજો પડઘાયા કરે,
દુનિયા તણા દુઃખદર્દની 'દવા' 'નીલોષા' મહીં. ૨

કોઈને આધિ, કોઈને વ્યાધિ, કોઈકને ઉપાધિ,
કોઈકને માળા, કોઈકને જીવનજળ, કોઈકને આશ્વાસન. ૩

માત તણા દરબારમાં હું હૂંડીઓ લખ્યા કરું,
સિંહાસને બિરાજેલ મા સ્મિતવદને મંજૂર કરતી રહે. ૪

'નીલોષા' આવાસમાં નલિન-ઉષા બેલડી નિવાસ કરે,
'નીલોષા' ચિરંજીવ બની, સેવા થકી મહેકતું રહે.
યાત્રાધામ બની 'નીલોષા', આનંદ અર્પતું રહે,
'મા' પ્રેમભાવે અહર્નિશ આશિષ વરસાવ્યા કરે. ૫

'નીલોષા'ના સેવા તણા કાર્યમાં, અહર્નિશ સામેલ રહે,
જન્મોજન્મ તેમની સેવાના ગુલાબ મહેકતા રહે. ૬

*        *        *

સમય તણા ચક્રમાંહીં વર્ષો તણાં ચક્ર ફરકતાં
એકસઠમા ચક્રો મહીં, નવા એક ચક્રનો પ્રવેશ.
બાસઠમા ચક્રપ્રવેશને સાલમુબારકથી આવકાર
રે! માત, સારથિ બની હંકારજો જીવનરથનાં સઘળાં ચક્રોને.

૧૯૮૪નો આ બનાવ છે. એક દિવસ રાતે સ્વપ્નમાં માતાજી પધાર્યાં અને મને સાથે આવવા માટે તૈયાર થવા જણાવ્યું. મેં પૂછ્યું, "શું પહેરું?" દર વખતે આ પ્રમાણે હું પૂછું જ છું. તેમણે જવાબ આપ્યો. હાફ પેન્ટ અને ટી શર્ટ પહેર. મારી પાસે તો હાફ પેન્ટ અને ટી શર્ટ હતાં નહિ, જેથી થોડી વાર હું મૌન રહ્યો. મારી મૂંઝવણ જાણી ગયાં હોય તેમ તેમણે મને હાફ પેન્ટ અને ટી શર્ટ આપ્યાં, જે મેં પહેરી લીધાં અને તેમની સાથે જવા માટે તૈયાર થઈ ગયો. ઘરેથી બહાર નીકળ્યા બાદ એક સફેદ મોટર કારમાં અમે બંનેએ બેઠક લીધી. તેઓશ્રી ડ્રાઈવિંગ સીટ પર બેઠાં. ત્યાર બાદ મોટર અવકાશમાં ઊડવા લાગી અને ઊડતી ઊડતી ખૂબ અંતર કાપ્યું. આશરે ૭૫ કિ. મી. અંતર કાપ્યા બાદ મોટર ધીરે ધીરે એક નિર્જીવ જગાએ ઊતરી.

ત્યાંથી માતાજીએ સ્વયં-જાતે મોટર ચલાવી ને એકાદ કિ. મી. દૂર એક મોટા મેદાનમાં પહોંચ્યાં. મેદાનની અંદર ચારે બાજુ પુષ્કળ લોકો એકઠાં થયાં હતાં. મોટર પાર્ક કરીને અમે બંને એ માણસોની

અંદર દાખલ થયાં. દાખલ થતાંની સાથે જોયું તો એક અલમસ્ત આખલો ચોગાનની અંદર જોરશોરથી ઘૂમી રહ્યો હતો અને તેને પકડવા માટે ઘણા લોકો પ્રયત્ન કરતા હતા. ત્યાં ગયા બાદ જાણવા મળ્યું કે, જે માણસ આ આખલાનાં બે શિંગડાંને પકડી લે તે માણસ વિજેતા જાહેર થાય.

અમે બંને એકાદ કલાક આ દૃશ્ય નિહાળતાં ઊભાં રહ્યાં, ત્યાં સુધીમાં ૬૦ જેટલા માણસો આખલાના શિંગડાંને પકડવા માટે કોશિષ કરતા જોયા, પરંતુ તેઓ તે આખલાને પકડી શક્યા નહિ અને આખલો જોરશોરથી ચારે બાજુ ઘૂમી રહ્યો હતો. માતાજીએ મને ઇશારાથી કહ્યું, "તું જા!" મને મનમાં વિચાર આવ્યો કે હું ત્યાં જઈને શું કરીશ? પરંતુ એક સૈનિકની અદાથી મેં મેદાનમાં પ્રવેશ કર્યો. મેં જોયું તો આખલો બેફામ દોડતો હતો, જેથી મેં તેની સામેની દિશાથી દોડવાનું શરૂ કર્યું અને અમે – 'હું અને આખલો' જ્યારે એકદમ સામસામે આવી ગયાં ત્યારે કઈ શક્તિએ મને બળ આપ્યું તે ખબર નથી, પરંતુ સામેથી ધસમસતા આખલાનાં બંને શિંગડાં પકડીને ગુલાંટ મારીને શિર પરથી સીધો એની પીઠ પર જઈ પડ્યો અને પીઠ પર જતાંની સાથે પાછળથી મેં તેનું પૂંછડું પકડી લીધું. પૂંછડું પકડી લીધા બાદ આખલો શાંત થઈને બેસી ગયો. પછી થોડી વારે હું સીધો ફરી ગયો અને મેં આખલાનાં બંને શિંગડાં પકડી લીધાં અને આખલો શાંત બેસી રહ્યો હતો. ત્યારબાદ લોકો દોડતા આવ્યા અને મને શાબાશી આપતાં હતાં; પરંતુ મને ખબર હતી કે આ શાબાશી માતાજીની છે. તરત જ માતાજી મારો હાથ પકડીને બાજુ પર લઈ ગયાં અને ઇનામ કે વિજયની ખુશાલી માટે કોઈ માણસો આવે તે પહેલાં જ મોટરમાં બેસીને વિદાય થયાં. પછી માતાજીએ એકાદ કિ. મી. દૂર ગાડી ચલાવી અને પછીથી ગાડી આકાશમાં ઊડી અને મને ઘર પાસે ઊતારીને ચાલ્યાં ગયાં.

મારે અને માતાજીને આ બનાવ વિશે કોઈ ચર્ચા થઈ ન હતી કે આ બનાવનો શું સંકેત હતો! પરંતુ મારી મતિ અનુસાર એમ કહીશ કે એ આખલો ષડ્‌રિપુનું પ્રતીક હશે અને તેને નાથવા માટે મને માધ્યમ બનાવ્યો હશે.

બીજો એક પ્રસંગ છે તા. ૨૯–૫–'૯૩નો. સાંજે ૪ વાગ્યે અમેરિકાથી પાછા ફરતાં લેસ્ટરમાં બે દિવસના વિરામ વેળાએ હું મારા રૂમમાં આરામ કરવા માટે સૂઈ ગયો હતો ત્યારે મને સ્વપ્ન આવ્યું જેની વિગત નીચે પ્રમાણે છે:

માતાજી પધાર્યાં. મને કહે, "ચાલ તૈયાર થઈ જા." મેં પૂછ્યું, "માતાજી, શું પહેરું!" માતાજીએ કહ્યું: "લેંઘો–ઝભ્ભો ચાલશે." અમે દાદર ઊતરી ઘરનો દરવાજો ખોલી બહાર આવ્યાં. દરવાજાની બહાર જ એક ચોરસ બોક્સ ઊડ્યું. ઊડતું, ઊડતું જંગલ ભણી આવ્યું અને એક ગાઢ અરણ્યમાં એક ઝાડ પાસે નીચે ઊતર્યું.

બોક્સમાંથી નીકળી અમે બંને ચાલતાં ચાલતાં એક ગુફા પાસે આવ્યાં. અમે ગુફામાં પ્રવેશ્યાં. ગુફામાં ઘનઘોર અંધારું હતું. માતાજીના મુખારવિંદના તેજથી જ ગુફામાં પ્રકાશ પથરાતો હતો. એ પ્રકાશના રાહે અમે ગુફામાં આગળ ચાલ્યાં અને એક જગાએ જઈને થોભ્યાં.

અહીં પાંચ તપસ્વીઓ ધ્યાનાવસ્થામાં બેઠા હતા. તેમનું શરીર અતિ કૃશ થઈ ગયું હતું. લાંબી લાંબી દાઢી અને જટા વધી ગયાં હતાં. માતાજી મને કહે, "આ તપસ્વીઓનું પરિવર્તન કરવાનું છે. તું તેમના માથે હાથ મૂક."



Scanned by CamScanner

માતાજીના આદેશનું પાલન કરવા હું આગળ વધ્યો અને પહેલા તપસ્વીના માથે હાથ મૂક્યો. મારા આશ્ચર્ય વચ્ચે આ તપસ્વી ૨૫-૩૦ વર્ષનો નવયુવાન બની ગયો. આમ બીજા ચાર તપસ્વીઓના માથે હાથ મૂકતાં તેઓ પણ ૨૫-૩૦ વર્ષના નવયુવાન બની ગયા અને તેઓ બધા મને પગે પડવા આવ્યા. મેં જણાવ્યું : "ભાઈઓ, માતાજીને પગે લાગો. હું તો નિમિત્ત માત્ર જ છું."

ત્યાંથી માતાજી અને હું પાછા વળ્યાં. ગુફાની બહાર આવી પેલા બૉક્સમાં બેસી ગયાં. એ બૉક્સ ઊડ્યું. અને સેરટરમાં ઘર આગળ આવીને નીચે ઊતર્યું. માતાજી મને ઘેર મૂકીને વિદાય થઈ ગયાં.

ત્રીજો પ્રસંગ આ પ્રમાણે છે :

તા. ૩૧-૮-'૯૩ની રાત્રે સ્વપ્નમાં માતાજી પધાર્યાં. મને કહે, "ચાલ તૈયાર થઈ જા."

મેં પૂછ્યું, "માતાજી, શું પહેરું ?"

મેં ઝભ્ભો-પાયજામો પહેર્યાં હતાં. માતાજી કહે, "આ ચાલશે."

પછી અમે બંને જણા ચાલતા નીકળ્યાં. થોડે દૂર ગયા પછી એક બગી આવી. એ બગીમાં અમે બંને જણ બેસી ગયા ને સારા જેવું અંતર કાપ્યું. એક મહેલ જેવું મોટું મકાન હતું. તેમાં અમે દાખલ થયાં. મકાનના પાછલા ભાગમાં એક મોટું કમ્પાઉન્ડ હતું. ત્યાં ૩૦૦-૪૦૦ માણસો બેઠાં હતાં. માતાજી કહે, "આ માણસોને તારે મુલાકાત આપવાની છે."

મને થયું. કંઈ નહિ. ૩૦૦-૪૦૦ જ માણસો છે ને! કંઈ વાંધો નહિ......

પછી અમે એક રૂમમાં આવ્યાં, જ્યાં ટેબલ-ખુરશી હતાં. માતાજીએ કહ્યું, "આ માણસો અંધ છે. તારે તેમની આંખે હાથ ફેરવી દેખતા કરવાના છે."

હું તો ખુશ થઈ ગયો. મારે તો જોઈતું જ હતું......

મને રૂમમાં મૂકીને માતાજી બીજા રૂમમાં ચાલ્યાં ગયાં. મુલાકાત ચાલુ થઈ. એક પછી એક મુલાકાતી આવતાં ગયાં. હું બંને હાથના અંગુઠા તેઓની આંખે ફેરવતો. તેઓ દેખતાં થઈ જતાં. સાંજ પડી ગઈ. વાત વાયુવેગે પ્રસરી હોય તેમ માણસોની વણઝાર ચાલુ જ રહી. મને ઊઠવા પણ ન મળે. રાત પડી ગઈ. મેં બહાર તપાસ કરાવી તો ખબર મળી કે હજાર, બે હજાર માણસો છે. મને તો ખુરશીમાંથી ઊઠવા જ ન મળે. ભૂખ લાગી, પણ શું કરું ?

એટલામાં માતાજી આવ્યાં. મને કહે, "કેમ ચાલે છે ?" મેં કહ્યું, "માતાજી, મને ભૂખ લાગી છે." થોડી વારમાં ફળ, પપૈયા વગેરે આવી ગયાં. મેં થોડું ખાધું. માતાજી પાછાં જતાં રહ્યાં.

હવે તો અંધજનોની વણઝાર ચાલુ જ રહી. પંદર દિવસ થઈ ગયા. મારાથી તો ખુરશીમાંથી ઊઠાય જ નહિ. બાથરૂમ જાઉં તો ત્યાં પણ માણસો મારી પાછળ પાછળ આવે. મારી દાઢી પણ વધી ગઈ. નહાવા, ધોવાનું, ખાવા, પીવાનું કંઈ જ થઈ શકતું નહિ.

હું થાકી ગયો. મારા હાથ ખભાથી ઊંચા થાય નહિ. લોકો મારા હાથ બંને ખભેથી પકડીને ઊંચા કરીને અંધજનની આંખે લગાવતા. હું તો કંટાળી ગયો. મને તો સોનાના પિંજરામાંથી પેટીના પિંજરામાં મૂકી દીધો. મારા બેહાલ થઈ ગયા.

પંદર દિવસ પછી માતાજી આવ્યાં. મને કહે, "કેમ ચાલે છે ?" મેં કહ્યું, "મારાથી આ ન થઈ શકે." માતાજી મરક મરક હસ્યાં. મેં તેમને વિનંતી કરી કે મને આ કામ સોંપશો નહિ.

[ આધ્યાત્મિક ડેરી, ઑક્ટોબર, '૯૩



Scanned by CamScanner

મને ખ્યાલ આવ્યો કે હું કેટલા વખતથી માગણી કરતો હતો કે મારા અંધજનોની આંખે હું હાથ ફેરવું ને તેઓ દેખતા થઈ જાય. પણ મારે જાતે જ હાર સ્વીકારવી પડી ને મેં માતાજીને વિનંતી કરી કે મારાથી આ ન થઈ શકે, મને આ સોંપશો નહિ.

મેં કહ્યું, "માતાજી હું તો થાકી ગયો. મારે આ કાર્ય નથી કરવું. હું જે કરું છું તે બરાબર છે. મને આમાંથી છોડાવો." માતાજીએ મંદ મંદ હાસ્ય કર્યું અને મારી આંખ ઉઘડી ત્યારે મારું આખું શરીર થાકી ગયું હતું.

"ગીતા ગાઈ શ્રીકૃષ્ણે સમરાંગણમાં, જ્ઞાન લાધ્યું અર્જુનને સમરાંગણમાં,
મેં અર્પ્યું સકળ વિશ્વ તણું જ્ઞાન, વિશ્વના સંસાર સમરાંગણમાં."

ભગવાન શ્રીકૃષ્ણે યુદ્ધના મેદાનમાં જ્યારે અર્જુન જેવો મહારથી એકદમ ભાંગી પડયો ત્યારે તેમણે તેને ગીતા તણું જ્ઞાન આપ્યું, જેના પરિણામે અર્જુન લડવા માટે તૈયાર થઈ ગયો.

જ્યારે મેં તમને બધાંને સંસારરૂપી સમરાંગણમાં વિશ્વનાં તમામ શાસ્ત્રોનું જ્ઞાન આપ્યું. મારાં નવ સિદ્ધાંતોમાં સમગ્ર વિશ્વનાં શાસ્ત્રોના જ્ઞાનનો સમાવેશ થાય છે.

આ વાત જેટલી આપણે સાંભળીએ છીએ, સમજીએ છીએ તેટલી સહેલી નથી. બહુ ગહન છે. આ ગહનતાને સમજવા માટે, જાણવા માટે, જીવનમાં ઊતરવા માટે ખૂબ જ પરિશ્રમ કરવો પડે, એમાં ડૂબી જવું પડે. મેં વિશ્વના આ બધાં શાસ્ત્રોનો સાર માતાજીની પ્રેરણાથી એક મૂઠીમાં આપી દીધો અથવા કહો કે નવ વાક્યોમાં જ તેનો સમાવેશ કરી દીધો, જાણે કે સાગરને એક નાની પ્યાલીમાં ભરી દીધો. આથી હું કહી શકું કે હું જીવતું જાગતું હરતું ફરતું વિશ્વનું એક શાસ્ત્ર છું અને સેવા કરનાર એક સંસ્થા છું.

મારા જીવનના બધા પ્રસંગો 'વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર'નાં બે પુસ્તકોમાં પ્રગટ થયેલા છે. તે બધા બનાવોનો અભ્યાસ કરો, ચિંતન કરો, મનન કરો, એનું આધ્યાત્મિક અર્થઘટન કરો તો તમને એક આખું શાસ્ત્ર અથવા એક નવો ગ્રંથ પ્રાપ્ત થશે. અને વિશ્વનાં સઘળાં શાસ્ત્રોનું મૂળ દર્શન મારા આ બધા બનાવોની અંદર મળી જશે. દા. ત. રામાયણ લઈએ તો ભગવાન શ્રી રામના જન્મથી માંડી આખી જિંદગીના બનેલા બનાવોનું આલેખન છે. શ્રીકૃષ્ણ ભગવાનના જન્મના આરંભથી અંત સુધીના જે જે મહત્ત્વના બનાવો બન્યા છે તેનું નિદર્શન ભાગવતમાં કરેલ છે. અને રામાયણ અને ભાગવત એક મહાન ગ્રંથ તરીકે આજદિન સુધી ચિરંજીવી છે.

તા. ૨૪–૮–'૯૩ના રોજ માતાજીના દરબારમાં, 'શ્રદ્ધા'ની કુટિરમાં મારા વિદ્વાન બન્ધુ નાન્દીભાઈ કે જે ગુજરાતનું એક રત્ન છે અને ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ છે અને સંસ્કૃતના વડા છે. રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે તેઓશ્રીએ તેમનું મંતવ્ય દર્શાવ્યું હતું કે ગાયત્રી રામાયણ સ્યાય અને એવો ગ્રંથ તૈયાર થાય તેવું કંઈક મળવું જોઈએ. આજે હું તેમના હાથમાં ગ્રંથનું સાહિત્ય આપી દઉં છું અને કહું છું કે તૈયારી કરો, તમારી બુદ્ધિના તારો ઝણઝણાવો, તમારા હૃદયનાં સ્પંદનોને જગાડો, જેથી એક ગ્રંથ તૈયાર થઈ જશે.

'વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર'નાં બે પુસ્તકોમાં પ્રગટ થયેલા અને મને જે સ્વપ્નદર્શન થયેલ છે તે બનાવોને ધ્યાનથી વાંચો, વિચારો, મનન કરો તો તેમાંથી તમને ષડ્રિપુનો સંહાર મળશે, મન, વચન, કર્મની પવિત્રતા મળશે, મારા આપેલ નવ સિદ્ધાંતો મળશે.



Scanned by CamScanner

હવે ફરીથી એ જ બનાવોમાં ડૂબકી મારો, ઊંડા ઊતરો તો તમને વેદ, ઉપનિષદ, યોગ અને સાંખ્યના સારાંશની ઝાંખી થશે. આ બધાનું આલેખન કરો, એક સુંદર ગ્રંથ તૈયાર થશે. પરંતુ તેનું નામાભિધાન ગાયત્રી રામાયણ નહિ, પણ 'પરમ શક્તિ – રાજયોગી' આપવું રહ્યું. આ ગ્રંથના આલેખનનો પ્રયત્ન સર્વ ચિંતકોએ કરવો રહ્યો.

## સંસાર સમરાંગણ કેવી રીતે ?

મનુષ્ય જન્મ લે છે ત્યારથી જ તે સંસારના સમરાંગણમાં પ્રવેશે છે. તેને પોતાને પોતાના જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઝઝૂમવું પડે છે. દા. ત. બાળક મોટું થાય પછી ભણવા માટે, શિક્ષણ અર્થે, ઉપાર્જન અર્થે અને ત્યાર પછી સંસારનાં દરેક કાર્યો માટે તેને પોતાને ઝઝૂમવું પડે છે. તેથી તે સમરાંગણ કહી શકાય.

ગીતા રણમેદાનમાં યુદ્ધ માટે હતી. આ જ્ઞાન સંસારના યુદ્ધ માટે છે. યુદ્ધના સમરાંગણમાં શસ્ત્રોથી લડવું પડે છે અને સંહાર થાય છે વિનાશ થાય છે. સંસારના યુદ્ધ માટે વિશ્વના તમામ માનવબન્ધુઓને હું હાકલ કરું છું કે યુદ્ધમાં ઝંપલાવો, યુદ્ધ કરો અને તે પણ એક પણ બુંદ લોહી વહેવડાવ્યા વગર. તમારું શરીર એક રણભૂમિ છે અને તેની અંદર ભરાઈ બેઠેલા ષડ્‌રિપુઓ રૂપી છ દુશ્મનો જેવા કે, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, તેની સાથે ખૂનખાર યુદ્ધ ખેલી તમારે વિજય મેળવવાનો છે.

શિવે ગ્રહી ગંગાને જટા મહીં,
મેં ગ્રહી માતને શિવ મહીં.

શંકર ભગવાને ગંગાનો અસ્ખલિત અને અખૂટ પ્રવાહ પોતાની શક્તિથી પોતાની જટામાં સમાવી દીધો હતો, જ્યારે મેં માતને શિવની અંદર ગ્રહણ કર્યાં છે. હૃદય એ શિવરૂપ છે જેથી મારા હૃદયમાં માત અને શિવ બંનેનું સાથે નિરૂપણ થાય છે અને શિવ અને શક્તિ બંનેનું મિલન મારા હૃદયકમળમાં થાય છે. જેથી શિવશક્તિ બંનેનું કાર્ય, સંચાલન મારા થકી થઈ શકે છે. આ જે કાર્ય હું કરી રહ્યો છું તેની અંદર શિવ અને શક્તિ બંને સમાયેલાં છે.

શિવ અને શક્તિ બંનેનું મિલન થાય જેને આપણે અર્ધનારીશ્વર કહી શકીએ. આ મિલન દ્વારા એક પ્રચંડ શક્તિનો ધોધ વહે છે, જેના થકી ભગીરથ કાર્યો થાય છે, અવનવાં સંશોધનો થાય છે અને દરેક જાતના ઉકેલો પ્રાપ્ત થાય છે.

ખુદને ખબર નથી હું શું લખી રહ્યો છું !
શા માટે શ્રીકૃષ્ણને સરખાવી રહ્યો છું ? ૧

માતા બની દેવકી, સુકાન સંભાળ્યું યશોદાએ,
માતા બન્યાં પરસનબા, સુકાન સંભાળ્યું પરમેશ્વરીએ. ૨

જન્મ ધારણ કરી આવ્યા ગોકુળની ગલીઓ મહીં,
જન્મ ધારણ કરી આવ્યો ગોધરાની ગલીઓ મહીં. ૩

માતૃત્વ તણો સ્પર્શ યશોદાનો શ્રીકૃષ્ણને,
માતૃત્વ તણો સ્પર્શ પરમેશ્વરીનો રાજયોગીને. ૪



Scanned by CamScanner

બાળપણમાં ખેલ ખેલ્યા ગોકુળ મહીં,
બાળપણમાં સૌમ્ય મૂર્તિ ગોધરા મહીં ૫

ગયો બંધાઈ બાળપણમાં યશોદા તણા કરકમળથી
ગયો બંધાઈ પ્રૌઢાએ રાજયોગી માત તણાં કરકમળોથી. ૬

ગુરૂ બન્યા સાંદીપની શિક્ષણ કાજે,
ગુરૂ બન્યાં સાક્ષાત્ ગાયત્રી વિશ્વના શ્રેય કાજે. ૭

નથી દાઢી નથી લાંબી જટા ન વેશ જોગીનો,
ધારણ કર્યો છે વેશ સંસારી તણો દ્વારિકાધીશે,
રાજયોગીએ ધર્યો છે વેશ સમકાલીન દેશકાળ સરીખો. ૮

રાસ તણી રસલ્હાણ કીધી એક રાત્રીની
એક એક ગોપી એક એક કાન,
મુલાકાતની રસલ્હાણ કીધી રંગમંચ 'નીલોષા' મહીં,
એક એક વિશ્વના માનવીઓ એક એક રાજયોગી. ૯

કીધો શ્રીકૃષ્ણે અનિષ્ટ તત્ત્વોનો સંહાર બાહુબળથી,
કીધો ષડ્રિપુનો સંહાર રાજયોગી થકી ભરયૌવનમાં. ૧૦

ધારણ કર્યો હતો ગોવર્ધન અંગુલિના સહારે,
ધારણ કર્યું છે 'નીલોષા' સેવા તણા સહારે. ૧૧

હરણ કર્યું રૂક્ષ્મણિનું યૌવન સમયે,
લાવ્યો કુસુમને પિતા તણી આશિષથી. ૧૨

ખેલ્યું હતું યુદ્ધ મહાભારત તણું પાંડવોના કાજે,
ખેલી રહ્યો છું યુદ્ધ, વિશ્વ માનવોના શ્રેય કાજે. ૧૩

મહાભારત સમયે સારથિ શ્રીકૃષ્ણ
રાજયોગીના સમયે સારથિ પરમેશ્વરી. ૧૪

ગીતા તણો ઉપદેશ ફક્ત અર્જુનને મેદાનમાં,
ગાયત્રી તણો ઉપદેશ વિશ્વના માનવબન્ધુઓમાં. ૧૫

ગીતા તણા જ્ઞાનમાં શ્લોક પંદરસો,
નવ સૂત્રોમાં છુપાવ્યું સકળ વિશ્વ તણું જ્ઞાન. ૧૬

ધર્યું જ્ઞાન જગતને ગીતા તણું
ધર્યું કર્મ જગતને સેવા તણું. ૧૭



Scanned by CamScanner

ઢાલ રૂપી ધારણ કર્યું છે ફક્ત સુદર્શન ચક્ર,
ઢાલ રૂપી ધારણ કર્યાં છે નવ નવ ચક્રો. ૧૮

કનૈયો બન્યો શ્રીકૃષ્ણ ને રાજા દ્વારિકાનો,
નરેન્દ્ર બન્યો 'શાસ્ત્રીજી' ને 'રાજયોગી' વિશ્વનો. ૧૯

ગાયો હતી, ગોપીઓ હતી, હસ્તમાં બંસરી હતી,
હસ્તમાં જીવનજળ, કલમ અને આદેશ. ૨૦

રાધા, ગોપીઓ, અષ્ટ પટરાણીઓ સ્નેહ કરે શ્રીકૃષ્ણને,
વિશ્વ તણા માનવીઓની સ્નેહસાંકળે રાજયોગી. ૨૧

મુલાકાત શ્રીકૃષ્ણની સફર ભારત તણી
મુલાકાત રાજયોગીની સફર વિશ્વ તણી. ૨૨

શ્રીકૃષ્ણને દ્વારિકા તણું સામ્રાજ્ય,
રાજયોગીને સેવા થકી વિશ્વનું સામ્રાજ્ય. ૨૩

શ્રીકૃષ્ણને જીવન તણી આંટીઘૂંટીયાં,
અર્પી સૂઝ-સમજ કુદરતે,
રાજયોગીને અર્પી સૂઝ-સમજ પરમેશ્વરીએ. ૨૪

આખું આયખું સાર્થક કીધું; નામ તણા અક્ષરોને,
મારા નામ તણા અક્ષરોમાં એક અક્ષર વાંકો. ૨૫

હું કોણ છું? હું કોણ છું? એમ પુછાયા કરે,
હું કહું છું ગોચર સૃષ્ટિમાં અગોચર રૂપે વ્યાપ્ત છું.
નિહાળવા એ અગોચરને આ સૃષ્ટિમાં,
જોઈશે માત તણું હૃદય અને માત તણાં નયન!

મને બધાં પૂછે છે કે હું કોણ છું? આ સૃષ્ટિમાં માતાજીના એક અંશ તરીકે અથવા માતાજીના એક તત્ત્વ તરીકે આ દુનિયામાં હું વિલસી રહ્યો છું, જેનું સંચાલન માતાજી પોતે જ કરી રહ્યાં છે.

માત ખીલી અવકાશી ગગનમાં, બાળ અંશ ખીલ્યો ધરતીના ચમનમાં.

મેં ગુરુપૂર્ણિમા પ્રસંગે કુંડલિનીનાં નવ ચક્રો જણાવ્યાં હતાં, જે નવ સૂત્રો સાથે નીચે પ્રમાણે સાંકળવામાં આવેલ છે :

| નવ સૂત્રો | ચક્રો | સ્થાન |
|---|---|---|
| ૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી | શિવચક્ર | હૃદય |
| ૨. નિઃસહાયને સહાય કરવી | જીવચક્ર | મસ્તક |
| ૩. દુઃખીઓના દિલનાં આંસુ લુછવા | હસ્તચક્ર | હાથ |

[ આધ્યાત્મિક કેડી, ઓકટોબર, '૭૭



Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| ૪. | કોઈની ઈર્ષ્યા કરવી નહિ | નયનચક્ર | આંખ |
| ૫. | કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ | ગ્રીવાચક્ર | ગરદન |
| ૬. | પરનિન્દાથી દૂર રહેવું | કર્ણચક્ર | કાન |
| ૭. | પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું | પાદચક્ર | પગ |
| ૮. | નિઃસ્વાર્થ સેવા કરવી | જિહ્વાચક્ર | જીભ-મુખ |
| ૯. | અહમ્‌નો ત્યાગ કરવો | શ્વસનચક્ર | નાક |

અત્યાર સુધીમાં મેં પોતે જે જાણ્યું, અનુભવ્યું તે મુજબ આ નવ ચક્રોને ભેદવામાં આવે તો કુંડલિની જાગૃતિ થઈ શકે.

મારી જાણ મુજબ દુનિયાના મુખ્ય ધર્મો હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી. મુસ્લિમ ધર્મમાં બે ફાંટા — શિયા અને સુન્ની. ખ્રિસ્તી ધર્મમાં રોમન કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ. જ્યારે આપણા હિન્દુ ધર્મમાં મારી જાણ મુજબ છત્રીસ ફાંટા છે અને બીજા વધારાના હશે તો તે મારા ખ્યાલમાં નથી.

હિન્દુ ધર્મ નાના નાના અનેક સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો છે. **મારી આખા હિન્દુસ્તાનના હિન્દુ સંપ્રદાયોના વડાઓને, ગાદીપતિઓને, મઠાધિપતિઓને નમ્ર અરજ છે કે તેઓ બહાર આવે ને સમાજ માટે ઉપદેશાત્મકને બદલે રચનાત્મક કાર્ય હાથ ધરે. જો આટલું કાર્ય બધા જ સંપ્રદાયો ભેગા થઈને કરે તો હું ચોક્કસ કહી શકું કે સમાજમાં કોઈ ભૂખ્યો ન રહે, કોઈ ઘર વગરનો ન રહે, કોઈ રોજીરોટી વગરનો ન રહે. આ કાર્ય માટે મહેનત તો કરવી પડે પરંતુ બધા જ ભેગા મળીને કાર્ય કરે તો તે કઠિન નથી જ.**

જે ભેગા થઈને કાર્ય કરે અને બીજાઓ જે સામેલ થાય તેઓએ મન, વચન, કર્મથી પવિત્ર રહેવાનો, ષડ્રિપુઓનો સંહાર કરવાનો અને નવ સિદ્ધાંતોનું પાલન કરવાનું. જો આ પ્રમાણે આચરણ થાય તો કોઈ પણ જાતનો સંઘર્ષ રહે નહિ. અગાઉ જણાવ્યા પ્રમાણે, મેં કહ્યું છે કે સમગ્ર વિશ્વમાં એક જ ધર્મ હોવો જોઈએ.

અંધશ્રદ્ધા, વહેમ, ઉપવાસ, પિતૃદોષ માટે નારાયણબલિ – આપણા સમાજમાં ધર્મના નામે ખૂબ અંધશ્રદ્ધા અને વહેમ પ્રસરે છે અને લોકો તેમાં ફસાય છે. આપણા ઘરમાંથી બહાર નીકળતી વખતે આપણા પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરી બહાર નીકળીએ ત્યારે આપણને કોઈ પણ સજીવ પ્રાણી, પશુ કે મનુષ્ય મળે તો તેનો કોઈ પણ જાતનો વહેમ રાખવો જરૂરી નથી. વહેમ આપણા નિર્બળ મનોબળનું કારણ છે. ઘણાં લોકો શનિવારે વહેમ રાખી દાઢી નથી કરતા, બહેનો વાળ ધોતાં નથી. આ વહેમ તદ્દન ખોટો છે. શનિવારે દાઢી બનાવી શકાય અને વાળ પણ ધોઈ શકાય એવું મારું સ્પષ્ટ મન્તવ્ય છે.

**શનિનો અર્થ નીચે પ્રમાણે કરી શકાય :**

**શ = શેર – જંગલનો શેર. નિ = ન એટલે 'નર' નો ન.**

શનિનો અર્થ શેરનર એટલે સિંહ જેવો નર થાય એટલે શનિ. એટલે જે શનિમાં માનતા હોય તે લોકો સિંહ જેવા હોય, જેથી તેઓને કોઈ પણ જાતનો ડર કે વહેમ હોવો જોઈએ નહિ. વધુમાં પ્રભુને મનુષ્યો સ્વચ્છ થઈને તેની પાસે આવે તે તેને ગમે છે, જેથી દરેક મનુષ્યે પ્રભુ પાસે જવા સારુ સ્વચ્છ અને સુઘડ થઈને જવું જરૂરી છે.



Scanned by CamScanner

સોમથી રવિ સુધીના વારોમાં ઘણા લોકો જુદી જુદી રીતે કરે છે તે જો તેમને કરવું હોય તો છૂટ છે, પરંતુ તે કરવાની જરૂર નથી.

મારી પાસે ઘણા લોકો આવે છે, જેમને મનમાં એક જાતનો વહેમ ઘુસાડેલો હોય છે કે તેમને પિતૃદોષ છે અને પિતૃઓ નડે છે, જેથી નારાયણબલિ કરાવો. મારું સ્પષ્ટ મન્તવ્ય છે કે પિતૃદોષ કોઈને પણ લાગતો નથી અને પિતૃઓ પોતાનાં કુટુંબીજનોનું કોઈ પણ જાતનું અહિત કરવા તૈયાર હોતા નથી, જેથી આ બાબતમાં ખોટો વહેમ રાખવો જરૂરી નથી.

આપણ સંસારના નીતિનિયમોની અંદર પણ ધર્મને નામે ઘણી બાબતો રહેલી છે, જ્યારે તે બાબતોને ધર્મ સાથે કોઈ નિસ્બત હોતી નથી.

ધર્મનો અર્થ મારી દૃષ્ટિએ —

ધર્મ – ધ = ધરા, મ = મનુષ્ય, ર – ઊર્ધ્વગામી, એટલે ધરા પર રહેનાર મનુષ્યની ઊર્ધ્વગતિ થાય તેનું નામ ધર્મ.

બીજો અર્થ લઈએ તો —

ધ – ધરા, મ = મનુષ્ય, ર્ કાર = ર = રામ, ક – કૃષ્ણ, (કાનો) ા = હું – બાળ, ર = રામ.

ર = રામ, ક = કૃષ્ણ, (કાનો) ા = રાજયોગી-બાળ, ર = રામ.

જીવનની ચાર અવસ્થા – બાળપણ, યૌવનાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા આનો અર્થ એ થાય કે ધર્મ ધારણ કરનાર મનુષ્યનું આચરણ —

(૧) બાળપણમાં રામ જેવું (નિઃસ્વાર્થ નિર્દોષ બાળપણ)
(૨) યૌવનાવસ્થામાં કૃષ્ણ જેવું (સામ, દામ, દંડ, ભેદની નીતિ)
(૩) પ્રૌઢાવસ્થામાં રાજયોગી નરેન્દ્રજી જેવું (નિઃસ્વાર્થ સેવા વૃત્તિ)
(૪) વૃદ્ધાવસ્થામાં રામ જેવું (નિર્દોષ બાળક જેવું).

હવે આપણે જે લૌકિક નિયમો પાળીએ છીએ તેના માટે વાત કરીએ. મારી વાત સાથે તમે સંમત થાવ કે ન થાવ અને એ સાંભળ્યા બાદ તમારે શું કરવું તેનો વિચાર તમારે પોતે નક્કી કરવાનો છે. તે બાબતમાં તમારે શું આચરણ કરવું તે માટે મારો કોઈ પણ જાતનો આગ્રહ નથી, પરંતુ સાથે સાથે એ કહેવા માગું છું કે આ બાબતને ધર્મ સાથે કોઈ સંબંધ નથી. માણસ બાહ્ય રીતે શુદ્ધ રહે તે જરૂરી છે પરંતુ તેની પાછળ ધર્મને જોડે તે જરૂરી નથી.

દા. ત. (૧) સ્ત્રીઓને ઋતુધર્મ વખતે ચાર–પાંચ દિવસ ઘરમાં અડકવા દેવામાં આવતાં નથી. હવે આ બાબતમાં વૈજ્ઞાનિક કે શારીરિક રીતે આરામની જરૂર છે તે બરાબર છે. પરંતુ ધર્મને તેની સાથે કોઈ બાધ નથી. તેવી જ રીતે (૨) સુવાવડ વખતે પણ શારીરિક રીતે આરામની જરૂર રહે છે પરંતુ સ્પર્શાસ્પર્શ સાથે કોઈ સંબંધ નથી. (૩) સુવાવડના પ્રસંગોમાં કુટુંબના સભ્યોને જે વૃદ્ધિ આવે છે અને ધાર્મિક ઉપાસના વગેરે પ્રસંગોમાં ભાગ ન લેવાય તે બાબતને પણ ધર્મ સાથે કોઈ સંબંધ નથી. (૪) કુટુંબનાં સભ્યો મૃત્યુ પામે ત્યારે સૂતક પાળવામાં આવે છે તે બાબતને ધર્મ સાથે સંબંધ નથી.

[ આધ્યાત્મિક કેડી, ઓક્ટોબર, '૯૩

ઉપવાસ એકટાણા બાબત જણાવવાનું કે તે કરવાનો હેતુ સ્વાસ્થ્યની સુખાકારી પૂરતું મર્યાદિત રહે તો ઠીક છે, પરંતુ ધર્મ સાથે સાંકળી લેવું તે હું માનતો નથી.

ઘણા લોકો બાધા રાખે છે તો તે બાબત મારું સ્પષ્ટ મન્તવ્ય છે કે કોઈ પણ જાતની બાધા રાખવાની જરૂર નથી. બાધા રાખવી એ નિર્બળ મનોબળનું કારણ છે. પરમતત્ત્વ તમારે શું જરૂર છે તે મુજબ મેળવી આપશે.

તમે ઘેર જાશો મુજને યાદ કરશો,
સૂક્ષ્મ સ્વરૂપે હાજર હું ત્યાં,
તમે વાત કરતા હશો, માત હસતી હશે ત્યાં,
સ્મિત રેલાવી તમને માત ચાલી જશે ત્યાંથી.

[ તા. ૭-૯-'૯૩ના રોજ જન્મદિવસની ઉજવણી પ્રસંગે પૂ. રાજયોગી નરેન્દ્રજીએ રજૂ કરેલું વક્તવ્ય. ]

□

With Blessings From :

Pujya Gurudev

NARAYAN ENTERPRISES

43, BRIGADE ROAD, BANGLORE

જય ગુરુદેવ — જય ગાયત્રી માતા

રમેશભાઈ ડોકટર સિલ્ક મિલ્સ

૮/૨૩૬૨, ગોપીપુરા, મોટી છીપવાડ, સૂરત — ટે. નં. ૬૩૨૧૫૪

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ

Scanned by CamScanner

# માતાજીનો સાક્ષાત્કાર

## સમય નથી થયો ?

આપ સૌ જાણો છો કે સાતમી સપ્ટેમ્બર મારો જન્મદિવસ છે. ૧૯૭૬થી માતાજી પાંચમી–છઠ્ઠી તારીખે સદેહે આવી મને જન્મદિવસના આશીર્વાદ આપે છે અને તેણે સોંપેલા સેવા કાર્ય અંગે જરૂરી માર્ગદર્શન, માહિતી, સૂઝ અને સમજણ આપી જાય છે. આમ તેના આદેશ અનુસાર હું કાર્ય કરું છું.

૧૯૯૩નો સપ્ટેમ્બર શરૂ થતાં જ માતાજી આવવાનાં છે, આવવાનાં છે, એવા વિચારોથી મારું હૈયું ઉત્કંઠિત રહેતું હતું. પાંચમી તારીખનો દિવસ ઢળી ગયો. હું મારા નિવાસસ્થાને કુટિરમાં બેઠો હતો. ભક્તોની ભીડ જામી હતી. સૌ ભક્તોને પણ માતાજીના આગમનની અનુભૂતિ જાણવાની આતુરતા હતી. હિંચકે બેઠા બેઠા મને અચાનક પંક્તિઓ સ્ફુરી આવી, જે આ પ્રમાણે છે :

હું પ્રેમથી પૂછું છું,
ક્યાં રોકાઈ છે તું ?
સમય નથી થયો ?
નિજ ગૃહે પરત ફરવાનો !
નિજ ગૃહે શું આમંત્રણ ?
આવ ! આ તરસતા નયનની
ક્ષુધાને શાંત કર.
કર્ણો આતુર તવ આગમન કાજે,
કર્ણોની આતુરતાને તૃપ્ત કર.
કાલે સાંજ સુધી પ્રતીક્ષા,
પ્રતીક્ષાને પરિણામમાં પલટી નાખ.

માતાજીના સાક્ષાત્કારની અનુભૂતિને મેં આ પ્રમાણે શબ્દસ્થ કરી છે :

આવવું, આવવાનું, આવવાનું જ.
ગાઢ નિદ્રામાં પંજો હાલ્યો.
જાગૃત થયો.
સ્નાન–ગૃહમાં કેશકલ્પ
બેઠો પલંગ માંહીં
સ્વયં સ્ટોપર બંધ ઓરડાના દ્વાર તણી
લાઈટ, એરકન્ડીશન ખુદ ગતિમાં.
અણસાર થયો
માતનો ખુદ ગૃહે પા–પા પગલી ભરવાનો
પ્રકાશ તણા ઝબકારે સ્વયં પ્રકાશ્યાં
બેઠક લીધી સોફામાં
'બાળ' ચરણમાં.
મુજને પકડી ઊભો કર્યો
'મા–બાળ' સાથ–
ખૂબ વહાલ, ખૂબ વહાલ.
આજ દિન જોયું ન'તું !
'બાળ' કહે માતને
જાહેરમાં ઉઘાડો ન પાડ.
ખાનગીમાં હાજર
જે કરવું હોય તે કર !

[ આધ્યાત્મિક કેડી, ઓક્ટોબર, '૯૩

અનુભવ કરાવ ભક્તોને
શક્તિ ને કદ મુજબ.

અર્પી શીખ, સમજ કાર્યયજ્ઞ તણી
આવ્યાં ટેબલ પાસ.
જમણા હસ્તથી કેસર;
ડાબા હસ્તથી બદામ,
નિજ કાર્ય પૂર્ણ કરી,

પસારી ગુલાબ તણી મહેક હવામાં.
વિદાય લીધી માતે.

વિદાય થાતાં 'બાળ' શૂન્યાવકાશમાં
સૈનિક હતો, બેઠો થયો, ઊભો થયો,
ચાલતો થયો, દ્વાર ખુલ્લું કર્યું,
જાણ કીધી કુટુમ્બીજનોને,
માતની હાજરીની.

દરમ્યાનમાં છઠ્ઠી તારીખે બન્યું એવું કે 'નીલોષા' પર સદેહે એક મોર આવી પહોંચ્યો. પ્રાતઃકાળે 'નીલોષા' બંગલાનાં દ્વાર ખૂલતાં જ તેણે ઘરમાં પ્રવેશ કર્યો અને ચિરપરિચિત હોય તેમ આખા ઘરમાં અને ઉષાબહેનની પાછળ પાછળ ફરવા લાગ્યો. આ માહિતી મને મળતાં જ હું આશ્ચર્યચકિત થઈ ગયો અને મને પંક્તિઓ સ્ફુરી આવી:

## આ શું કર્યું ?

માત ! પ્રેમથી હાકલ કરી હતી તુજને !
શરમિંદો બનાવી દીધો મુજને.

હૈયું ભરાયું તુજ પ્રેમ થકી,
આ શું કર્યું ?

અહીં ('શ્રદ્ધા'માં) તારી ઉપસ્થિતિ.

તહીં ('નીલોષા') લાડલા
નામની ઉપસ્થિતિ.

ખરેખર, કહું તો, શું કહે !
આર્દ્ર બનેલું હૃદય શું કહું !
બસ એટલું જ,
બ્રહ્મ લટકાં કરે.

## મોર આવ્યો

મોર આવ્યો !
ક્યાંથી આવ્યો ? શું કરવા આવ્યો !
કેમ આવીયો ? તે જરૂરત નથી.
જાણ એટલી મોર આવીયો.
મધરાતે મા–મોર સાથે આવીયાં.
રાહ જોતો પ્રભાત તણી.
દ્વાર ખૂલતાં નિજ ગૃહે દાખલ

હનુમાનજીની (ઉષાબહેન)
પાછળ પાછળ ફરતો
જાણે કે એક જ પંથના પ્રવાસી,
મોર તણા હાવભાવ,
ઠાવકો માનવ આવીયો.
હે મોર, પાલન કરજે 'મા'
તણા આદેશને.



Scanned by CamScanner



# 'નીલોપા' પર મોર આવ્યો

શ્રીમતી ઉષા નલિનકાન્ત શાહ

આવ્યો રે આવ્યો માનો વહાલો મોર આવ્યો,
'નીલોપા' પર એક રળિયામણો સુંદર મોર આવ્યો.

તા. ૬–૯–'૯૩ની સવારે ૭ વાગ્યાના સુમારે મારા જાપ પૂરા કરી હું નિત્ય ક્રમે રસોડામાં ગઈ, તો મારી પાછળ એક સુંદર મજાનો મોર ચુપચૂપ આવી ઊભો રહ્યો. અચાનક મારી નજર તેના પર ગઈ અને મને નવાઈ સાથે એકદમ ખુશી ખુશી થઈ ગઈ અને હૃદયમાંથી એકદમ વહાલભર્યો પ્રેમ ઉછાળા મારવા લાગ્યો. મને એક મિનિટ તો વિચાર આવ્યો કે હવે શું કરું ? કોને કહું ? અને મારી ખુશી ક્યાં વ્યક્ત કરું ? એ વિચારે હું રસોડામાંથી ડ્રોઇંગ રૂમમાં આવી તો ધીમે ધીમે ડગ ભરતો તે મારી પાછળ પાછળ આવ્યો. હું જ્યાં જાઉં ત્યાં તે મારી પાછળ પાછળ ફરે. સૌ પ્રથમ મેં મારા પતિ નલિનકાન્તને બોલાવ્યા. તેમણે જલ્દી તેના ફોટા પાડી લીધા.

હું પૂ. ગુરુદેવને, પૂ. બહેનજીને, પૂ. કુસુમબહેનને ચિઠ્ઠી લખી જણાવવા માટે મારા બેડરૂમમાં ગઈ તો તે પણ મારી પાછળ પાછળ દબદબાપૂર્વક ડગ ભરતો જાણે કોઈ જૂની પુરાણી ઓળખાણ ન હોય તેમ ગૌરવભેર ચારે બાજુ નિહાળતો નિહાળતો આરામથી બંગલાના દરેકેદરેક રૂમમાં ફરવા લાગ્યો અને મને પણ તેના પર ખૂબ જ વહાલ આવતું હતું. ખબર નહિ, કેમ પણ આનંદ આનંદ થઈ ગયો હતો.

મને થયું કે તેને શું ખાવાનું આપું ? તેને પહેલાં ઘઉં બાજરી આપ્યાં. તે આરામથી ચણચણતો હતો તે જોવાની ખૂબ મજા આવતી હતી. થોડી વારમાં તે પાછો પૂ. ગુરુદેવના – માતાજીના રૂમમાં આવ્યો અને ત્યાં આવી પૂ. ગુરુદેવના ચરણ મૂકવાના આસન પર બેસી ગયો અને રૂમને ચારે બાજુ તેની સુંદર ડોક ઊંચીનીચી કરી જોતો હતો. ઘરના દરેકેદરેક રૂમ તેમ જ ચોક અને લોનમાં આરામથી ફરતો હતો.

શ્રી નલિનકાન્ત તેમની ઑફિસમાં જઈને બેઠા તો મોર પણ તેમની સામે જઈને સોફામાં બેસી ગયો અને ધીરગંભીર બની ક્યાંય સુધી બેસી રહ્યો. બધી કાર્યવાહીનું નિરીક્ષણ કરતા કરતા આશીર્વાદ આપતા હોય તેમ લાગતું હતું. મયૂરરાજનો વટ હતો.

પૂ. બહેનજીને ચિઠ્ઠી મળી કે તરત જ ફોન આવ્યો. પૂ. બહેનજીની પણ ખુશી સમાતી ન હતી. પૂ. બહેનજી કહે, "ઉષા, મોર આવ્યો છે ? ક્યાં છે ? અને શું કરે છે ?" હું માતાજીના રૂમમાં ફોન ઉપાડી વાત કરતી હતી ત્યાં તો તે મારા પગ આગળ આવીને બેસી ગયો.

મેં બહેનજીને કહ્યું "માતાજીના રૂમમાં મારી બાજુમાં જ બેઠો છે અને બધી વાતો સાંભળે છે." બહેનજી એકદમ ખુશ થઈ ગયાં. મને કહે : "તેને સેવ ખાવા આપજે."

[ આધ્યાત્મિક ડેરી, ઑક્ટોબર, '૯૩

બધી વાત કરી હું મારા બેડરૂમમાં ગઈ તો ત્યાં મારી પાછળ પાછળ આવ્યો. ત્યાંથી ડ્રેસીંગ રૂમમાં તૈયાર થવા ગઈ તો મારી પાછળ તેની ગૌરવશાળી ડોક ઊંચી-ટટ્ટાર કરીને ભાઈ ધીમે ધીમે ડગ ભરતા ડ્રેસીંગ રૂમમાં દાખલ થયા.

એટલામાં જ પૂ. કુસુમબહેનનો ફોન રણક્યો. મને પૂછ્યું : "મોર ક્યાં છે?" મેં કહ્યું : "અત્યારે ડ્રેસીંગ રૂમમાં મારી બાજુમાં ઊભો છે." કુસુમબહેન એકદમ ખુશ થઈ ગયાં અને કહે, "અમે આવીએ છીએ. તે જતો ના રહે તેમ કરજો. મારા આનંદની કોઈ સીમા ન રહી. પણ મોરને રોકી કેવી રીતે રાખવો? જેથી એકદમ વિચાર આવ્યો અને પૂ. ગુરુદેવની 'ગુરુ-અમૃત' કેસેટ મૂકી દીધી. જ્યાં કેસેટમાં પૂ. ગુરુદેવનો અવાજ સાંભળ્યો ત્યાં જ તે એકદમ ત્વરાથી કૂદીને પલંગ પર ચઢી ગયો અને જ્યાંથી અવાજ આવતો હતો ત્યાં સુંદર મજાની ડોક ફેરવી જોયા કર્યું. થોડી વાર ઊભો રહ્યો. બે પગમાંથી એક પગ ઊંચો કર્યો અને જાણે ધ્યાનમાં ના ઊભો હોય! અને ત્યાર બાદ પલંગ પર નિરાંતે બેસીને પૂ. ગુરુદેવની કેસેટ આખી પૂરી થઈ, બે વાર વગાડી ત્યાં સુધી બેસીને ધ્યાનથી સાંભળ્યા જ કર્યું.

હું મનોમન માડીને પ્રાર્થના કરતી. 'ૐ મા ૐ' બોલતી હતી કે, તેં મોર મોકલ્યો છે, તો તું બધા આવે ત્યાં સુધી રાખજે... એટલામાં જ પૂ. બહેનજી, પૂ. કુસુમબહેન, ચિ. યોગેશભાઈ, ચિ. કંદર્પ, ચિ. દેવાંગના અને વહાલો પ્રણવ આવી પહોંચ્યાં. 'ક્યાં છે મોર? ક્યાં છે મોર?' તેઓ પૂછતાં હતાં.

કોઈને ખ્યાલ આવે જ નહિ કે ભાઈસાહેબ પલંગ પર આરામથી બધાની રાહ જોતા રૂઆબભેર બેઠા છે! બધા જોઈને ખુશખુશાલ થઈ ગયા. પછી બહેનજી કહે: "ઉષા, ચોથી સપ્ટેમ્બરનો માતાજીનો પ્રસાદ તેને આપ." બહેને સેવ, બુંદીના લાડુ, શીંગખાંડનો ભૂકો ડીશમાંથી લઈ ખવડાવ્યો તો આરામથી ખાય. બધાએ હાથમાં લઈ ખવડાવ્યું. પૂ. કુસુમબહેન તો એકદમ ખુશ થઈ ગયા. ને તેને અડીને વહાલ કરવા લાગ્યા. બધાએ ખૂબ જ નજીકથી તેના રળિયામણા સ્વરૂપને, તેની સુંદર અદાને નિહાળ્યાં. ત્યાર બાદ અમે ફરી માતાજીના રૂમમાં ગયા તો પણ પાછળ પાછળ ધીમા ડગ ભરતો માતાજીના રૂમમાં આવ્યો. તે દરમ્યાન ભાઈ મનીષભાઈ પણ તેની સુંદર અદાને તેમના કેમેરામાં ઝડપી લેવા આતુરતાથી આવી ગયા. એટલું જ નહિ વીડિયો કેસેટ ઉતારનાર ભાઈઓને ખબર આપી બોલાવતાં તેઓ પણ આવી પહોંચ્યાં. ભાઈસાહેબ મોરના કેટલી યે અદામાં ફોટા પાડયા. તેનાં વિવિધ દરપોને વીડિયો કેસેટમાં કંડારી લીધા. કેમેરાના ફ્લેશથી તે સહેજ પણ ગભરાતો નહિ. ફફડતો નહિ. તેણે ઘણા પોઝ આપ્યા અને બધાને આનંદવિભોર કરી દીધા.

પૂ. માતાજીના રૂમમાં ફરી વાર પૂ. ગુરુદેવના આસન પર બેસી ગયો. થોડી વારમાં તે છલાંગ મારી પૂ. ગુરુદેવની બેઠકના સોફા પર બિરાજમાન થઈ ગયો. ચિ. કંદર્પ, પ્રણવ, દેવાંગના પણ ખુશ થઈ તેને સેવ-મમરા ખવડાવતા હતા. બધાની સાથે તે એવો તો હળી ભળી ગયો કે જાણે બધાને ઓળખતો ન હોય! ચિ. પ્રણવ સાથે તો ગેલ કરતો હતો અને પ્રણવ પણ તેની સાથે રમતો હતો. તે દશ્ય પણ વીડિયોમાં ઝડપાયું છે.

લંડનથી આવેલા બધા ભક્તો પણ ખુશ થઈ તેના ફોટા કેમેરામાં ઝડપવા લાગ્યા.

સવારે સાડા દસ વાગ્યે પૂ. ગુરુદેવ 'નીલોષા' પધાર્યાં ત્યારે તેમનું જાણે સ્વાગત કરતો હોય તેમ બહાર ઊભો હતો. ગુરુદેવની પાછળ પાછળ તેમની રૂમમાં ગયો. પૂ. ગુરુદેવ સોફામાં બિરાજ્યા તો તેમની સામે ઊભો રહ્યો. પૂ. ગુરુદેવ તેને સેવ જમાડતા હતા. ત્યાં તો તેણે તેની સુંદર ડોક ઊંચી

લાંબી કરી પૂ. ગુરુદેવના હાથ પર પહેરેલી રૂદ્રાક્ષની માળાના મણકા ખેંચવા લાગ્યો. જાણે બ્રહ્મ બ્રહ્મને ઓળખતો ન હોય! પૂ. ગુરુદેવ સાથે ક્યાંય સુધી ગેલ કર્યા કર્યું. પૂ. ગુરુદેવના હાથમાંથી સેવ ખાધી. ત્યાર બાદ ત્યાંથી ઊઠી પૂ. ગુરુદેવ પલંગ પર બેઠા તો તેમની પાછળ પાછળ આવી પલંગ પર ચઢી ગયો અને ઊભો રહ્યો. જાણે કેટલાય વખતની ઓળખાણ ન હોય!

સામાન્ય રીતે પ્રથમ દૃષ્ટિએ વિચારીએ તો પક્ષીઓ માનવોનું પગલું પડતાં જ ઊડી જાય. જ્યારે આ મોર કોણ જાણે ક્યાંથી આવ્યો તે તો જાણ નથી. રહેઠાણના ભરચક વિસ્તારમાં એ ક્યાંથી આવ્યો હશે! માનો કે તે ભૂલો પડીને આવી પહોંચ્યો હતો તો પણ તે કમ્પાઉન્ડમાં ફર્યા કરે કે ઝાડ પર બેસે તે સમજી શકાય, પણ આ તો નિરાંતે નિર્ભયતાથી ઘરમાં પ્રવેશ્યો ને ચિરપરિચિત હોય તેમ આખા ઘરમાં ફર્યો. જે ખવડાવ્યું તે ખાધું! 'નીલોપા' પર મુલાકાતીઓ, ભક્તોની ભીડ, વીડિયો કૅમેરાના ફ્લેશના ઝબકારની વચ્ચે પણ નિર્ભયતાથી ઊભો રહેતો અને ગુરુદેવ તેની સામે હાથ લાંબો કરે ને રૂદ્રાક્ષ જ ખેંચે તે બાબતો ઘણી જ અસામાન્ય લાગી. આ તો માડીની જ કંઈ લીલા છે તેમ માનવા મન પ્રેરાય છે.

મયૂર રાજે બપોરે શીખંડ, ઢોકળાં અને ભાતનું ભોજન કર્યું હતું.

બે દિવસ સતત આરામથી તેના જ ઘરમાં ફરતો હોય તેમ ફર્યા કર્યું. અને તા. ૮-૯-'૯૩ના રોજ સવારે સાડા નવ વાગ્યે વિદાય લીધી. તેની વિદાયથી ઘર સૂનું સૂનું થઈ ગયું. કારણ, તેને જોઈને અંદરથી એટલું વહાલ આવતું હતું કે જેટલું વહાલ, પ્રેમ, લાગણી પૂ. ગુરુદેવનાં દર્શનથી થતાં હોય છે...

ચાલો ત્યારે મયૂરરાજ, તમને પ્રણામ. તમે તો ગયા પણ મીઠી યાદ મૂકતા ગયા. ફરી ક્યારે આવશો? માડી મોકલે ત્યારે? કે ગુરુદેવ બોલાવે ત્યારે?

મોરને જોઈને પૂ. ગુરુદેવના શબ્દો યાદ આવી ગયા :

"મા મને મોર કહે છે."
મા કહે છે, 'મોર મારો છે.'
તો શું એ જ ના હોય?
વાહ માડી વાહ!

તારી લીલા અપરંપાર છે. છેલ્લે માડીને નમ્ર પ્રાર્થના છે કે પૂ. ગુરુદેવે કહ્યું છે તેમ તારા બધા ભક્તોને અવારનવાર અનુભવ કરાવી કૃપા વરસાવતા રહેજો.



Scanned by CamScanner

# સમાચાર

૧. તા. ૧૬-૧૦-'૯૩ થી તા. ૨૩-૧૦-'૯૩ આસો નવરાત્રી છે. વિશિષ્ટ ઉપાસના કરનાર ઉપાસકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

૨. તા. ૧૪-૧૧-'૯૩ રવિવારે બેસતું વર્ષ છે. પૂજ્યશ્રી ગુરુદેવ સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી અને **સાંજે ૬ થી ૮** વાગ્યા સુધી 'શ્રદ્ધા' કુટિરમાં દર્શન આપશે.

૩. તા. ૧૮-૧૧-'૯૩ ગુરુવારે લાભપાંચમ છે.

૪. તા. ૧૯-૧૧-'૯૩ થી તા. ૨૦-૧૧-'૯૩ શુક્ર-શનિ અને તા. ૫-૩-'૯૪ થી તા ૬-૩-'૯૪ સુરતમાં કાર્યયજ્ઞ.
**સ્થળ :** અરિહંત પાર્ક, સુમુલ ડેરી રોડ, સરદારનગરની સામે, મહાવીર એપાર્ટમેન્ટ, એસ-૨, રાજ હોટેલની પાછળ, કાપડિયા કમ્પાઉન્ડ, વરાછા બસ સ્ટેન્ડ પાસે, આયુર્વેદ હોસ્પીટલ પાછળ, સ્ટેશન પાસે, સુરત. **સમય :** બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી.

૫. તા. ૫-૧૦-'૯૩ થી તા. ૬-૧૦-'૯૩ નાગપુરમાં કાર્યયજ્ઞ.
**સ્થળ :** શ્રી વજુભાઈ ગગલાણી. ૯, ન્યૂ ઈતવારી કો. ઓ. હાઉસિંગ સોસાયટી, ઈતવારી પોસ્ટ ઑફિસ પાછળ, ઈતવારી, નાગપુર – ૨. **સમય :** બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી.

૬. તા. ૮-૧૦-'૯૩ શુક્રવારે બોરીવલી મુંબઈમાં કાર્યયજ્ઞ.
**સ્થળ :** શ્રી હનુમાન મંદિર હોલ, રામમંદિર રોડ, બાભાઈ નાકા, બોરીવલી (પશ્ચિમ) મુંબઈ ૪૦૦ ૦૯૨ **સમય :** બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી.

૭. તા. ૯-૧૦-'૯૩ થી તા. ૧૦-૧૦-'૯૩ શનિ-રવિ મુંબઈમાં કાર્યયજ્ઞ.
**સ્થળ :** જોશી નારણદાસ લક્ષ્મીદાસની વાડી, ૭૪/૮૧ બોરાબજાર શેરી, પહેલો માળ, ફોર્ટ, મુંબઈ. ૧ **સમય :** બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી.

૮. તા. ૯-૧૨-'૯૩ ગુરુવારે માતાજીનો પાટોત્સવ છે. **સાંજે ૬ થી ૮**, 'શ્રદ્ધા' કુટિરમાં દર્શન અને સત્સંગનો લાભ મળશે.

૯. તા. ૨૦-૧૨-'૯૩ થી તા. ૨૫-૧-'૯૪ સુધી ઇંગ્લેન્ડનો કાર્યયજ્ઞ છે.
ટેલિફોન : શ્રી પ્રદીપ વડેરા ૦૫૩૩ – ૩૫૪ – ૬૧૧.

૧૦. તા. ૨૦-૧૨-'૯૩ થી તા. ૨૬-૧-'૯૪ સુધી 'નીલોષા' બંધ રહેશે.
તા. ૨૭-૧-'૯૪ થી 'નીલોષા' પર રાબેતા મુજબ મુલાકાત થશે.

૧૧. તા. ૨૬-૨-'૯૪ શનિવારે ભાવનગરમાં કાર્યયજ્ઞ.
**સ્થળ :** ગોદાવરીબા ઔદિચ્ય મહિલા છાત્રાલય, ગાંધીસ્મૃતિ પાસે, ભાવનગર.
**સમય :** બપોરે ૧૨ થી ૪.

તા. ૨૭-૨-'૯૪ રવિવારે ભાવનગરમાં પરમ શક્તિ મંત્રનો યજ્ઞ.

૧૨. તા. ૨૫-૨-'૯૪ થી તા. ૭-૩-'૯૪ સુધી 'નીલોષા' બંધ રહેશે.
તા. ૮-૩-'૯૪ થી 'નીલોષા' પર રાબેતા મુજબ મળશે.

Scanned by CamScanner

ૐ

મા

ૐ



ૐ

મા

ૐ

# નૂતન વર્ષનો સંદેશ

વીતેલી સાલોની સાલમુબારક
નવીન સાલે કરો પ્રતિજ્ઞા
મન, વચન, કર્મની પવિત્રતા તણી
નવીન વર્ષે સાથ રહે રાજયોગી તણા આશીર્વાદ.

— રાજયોગી નરેન્દ્રજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમ શક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોપા**' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. જળ લેવા ઇચ્છનારે ખાલી સ્વચ્છ બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner